નાયબ મુખ્યમંત્રીની વિધાનસભામાં જાહેરાત

# રાજ્યના ૭ શહેરોમાં સ્માર્ટસિટી પ્રોજેક્ટ્સ માટે ૫૯૭ કરોડ ખર્ચાશે

## શહેરોમાં ૩ વર્ષમાં ૭૫ ફ્લાયઓવર ૩૭ રેલવે ફાટક ઉપર બ્રિજ બનશે

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વિધાનગૃહમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની બજેટની રૂ. ૪,૮૯૪ કરોડની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ આપતાં એવું જાહેર કર્યું હતું કે, ટ્રાફિક અને પ્રદૂષણની સમસ્યા ઘટાડવાના ભાગરૂપે ૮ મહાનગરપાલિકા વિસ્તારોમાં ૫૪ અને પાલિકા વિસ્તારોમાં ૨૧ મળીને કુલ ૭૫ ફ્લાય ઓવર તથા ૩૭ રેલવે ફાટકો ઉપર ઓવરબ્રિજ-અંડરપાસ બનાવાશે. રૂ.૩૫૦ કરોડના ખર્ચવાળા આ કામો ચાલુ વર્ષથી શરૂ થશે અને ત્રણ વર્ષમાં પૂરા થશે, શહેરોની આસપાસના તથા આઉટગ્રોથ વિસ્તારોમાં પણ પાણી, રસ્તા, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ વગેરે કામો માટે રૂ. ૨૫૦ કરોડની ખાસ ફાળવણી કરાઈ છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ- એમ ૬ સ્માર્ટસિટી પ્રોજેક્ટ્સમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમ, સીસીટીવી , ઈન્ટરનેટ કનેક્ટિવિટી, એરિયા બેઝ ડેવલપમેન્ટ- રિ-ડેવલપમેન્ટ વગેરે કામો માટે ૨૦૧૯-૨૦ના બજેટમાં રૂ. ૫૯૭ કરોડની જોગવાઈ થઈ છે, અમૃત યોજના હેઠળ ૮ મહાપાલિકા અને ૨૯ પાલિકામાં પાણી, ગટર, વરસાદી પાણીના નિકાલ, પરિવહન માટે ૫૦૦ કરોડની જોગવાઈ થઈ છે, સૌરાષ્ટ્ર-કચ્છની પાલિકાઓમાં પીવાના પાણીની સમસ્યા ઉકેલવા રૂ. ૨૦૦ કરોડની ખાસ ફાળવણી થઈ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨૦૨૨ સુધીમાં સૌને ઘર પૂરું પાડવાના લક્ષ્ય અંતર્ગત ૪.૮૦ લાખ આવાસો બનાવવાના થાય છે.

### મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ માટે ૫૬૦ કરોડ ફાળવાયા

અમદાવાદ મેટ્રો રેલની કામગીરી માટે બજેટમાં રૂ. ૫૧૦ કરોડની ફાળવણી કરી છે, અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ ફેઝ-૨ તથા સુરત મેટ્રો પ્રોજેક્ટના ટેક્નિકલ સર્વે માટે રૂ. ૫૦ કરોડ ફાળવાયા છે.